## (૭) નિતિ ઘડતર અથવા નિતિના અમલ સંબંધી જનતાના સભ્યો સાથે સલાહ પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની વ્યવસ્થાની વિગત.

### ૫.૧ નિતિ ઘડતર

| અ.નં | વિષય / મુદ્દો | શું જનતાની સહભાગીતા સુનિશ્ચિત કરવાની જરૂરી છે? (હા / ના) | જનતાની સહભાગીતા મેળવવા માટેની વ્યવસ્થા |
|---|---|---|---|
| 1 | જિલ્લા કક્ષાએ જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષ પદે જિલ્લા સંકલન સમિતિની રચના કરવામાં આવેલ છે. | આ બાબતે જનતાના પ્રશ્નોની રજુઆતો સંસદસભ્યોશ્રીઓ / ધારાસભ્યશ્રીઓ ધ્વારા સદર બેઠકમાં રજુ કરવામાં આવે છે. | જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં સમિતિના કાર્યક્ષેત્રના કાયમી મુદ્દાઓ ઉપરાંત સંસદસભ્યશ્રી / ધારાસભ્યશ્રીઓ તરફથી પુછવામાં આવેલ પ્રશ્નોના જવાબ જિલ્લાના સંબંધકર્તા કચેરીઓના વડાશ્રીઓ પાસેથી મેળવવામાં આવે છે. અને સદર બેઠકમાં સંકલનની તમામ કચેરીઓના વડાશ્રીઓના જાતે હાજર રાખવામાં આવે છે. અને સંસદસભ્યશ્રી / ધારાસભ્યશ્રીઓ ધ્વારા પુછવામાં આવેલ પ્રશ્નોની વિસ્તૃત ચર્ચા કરી સમિતિની બેઠકમાં યોગ્ય નિકાલ કરી તેઓને જવાબ પાઠવવામાં આવે છે. |
| 2 | જિલ્લામાં ટ્રાફિક સમસ્યા નિવારણ | હા | જિલ્લામાં ટ્રાફિક સમસ્યા નિવારણ માટે જિલ્લા ટ્રાફિક સમસ્યા નિવારણ સમિતિની રચના કરવામાં આવેલ છે. તથા ટ્રાફિકને લગતી સમસ્યાની ત્રિમાસિક મીટીંગ બોલાવવામાં આવે છે. તથા ટ્રાફિકને લગતા પ્રશ્નોના નિકાલ કરવામાં આવે છે. |
| 3 | જેલ મુલાકાત બોર્ડ અને સલાહકાર સભ્યોની નિમણૂક | હા | જેલ મુલાકાતી બોર્ડ અને જેલ સલાહકાર સભ્યોની નિમણૂક કરવા માટે એક સમિતિ બનાવવામાં આવેલ છે. જેમાં જેલના કેદીઓને લગતા પ્રશ્નોની ચર્ચા કરવામાં |

| | | | |
|---|---|---|---|
| | | | આવે છે. અને તેનો નિકાલ કરવામાં આવે છે. |
| 4 | પોલીસ સલાહકાર સમિતિ | હા | પોલીસ સલાહકાર સમિતિની રચના કરવામાં આવેલ છે. જેમાં જિલ્લા પોલીસ વિભાગને લગતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવે છે. અને તેનું નિરાકરણ કરવામાં આવે છે. |
| 5 | તાલુકા કક્ષાએ હા દર માસે સભ્યોની બેઠક બોલાવી પ્રહરી સમિતિની રચના | હા | દર માસે સભ્યોની બેઠક બોલાવી પ્રહરી સમિતિની રચના યોજનાકીય સુચના મેળવવા અમલીકરણ વિગેરે ઉપર ચર્ચા |
| 6 | આવશ્યક ચીજ વસ્તુ અને તેના પુરવઠા વિષયક બાબત | હા | આવશ્યક ચીજ વસ્તુ અને તેના પુરવઠા વિષયક નિતિ ઘડતર રાજ્ય કક્ષાએ સરકારશ્રી ધ્વારા થાય છે. |
| 7 | સરકારશ્રી તરફથી જ્યારે અછત / અર્ધઅછત જાહેર કરવામાં આવે ત્યારે જિલ્લામાં અછત રાહત સમિતિની રચના કરવામાં આવે છે. | હા | રાહત કામો શરૂ કરવાના, પીવાના પાણીની સુવિધા કરવાની, રાહત કામ પર મજુરીએ ન જઈ શકે તેવા શ્રમજીવીઓના કુટુંબીજનો જેવા કે વૃધ્ધ, અશકત, અપંગ, સગર્ભા મહિલા અને બાળકોને કેશડોલ્સ ચુકવવાની આ કામગીરીની વ્યવસ્થા મામલતદારશ્રી / તાલુકા વિકાસ અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવે છે. |
| 8 | પાણી સમિતિની રચના કરવામાં આવે છે. | હા | પીવાના પાણી અંગેની સુવિધા કાર્યપાલક ઈજનેરશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ધ્વારા કરવામાં આવે છે. |